# Matu Pava Ni Patrani Gujarati Garba Lyrics

મા, તું પાવાની પટરાણી

મા, તું પાવાની પટરાણી કે, કાળી કાલકિા રે લોલ.
મા, તારો ડુંગરડે છે વાસ કે, ચડવું, દોહ્યલું રે લોલ.
મા, તારો મંડપની શોભાય કે, મુખથી શી કહું રે લોલ.
મા,ત્યાં તપ કરતા દીઠા કે, વશિ્વા મતિ્ર ઋષરિે લોલ.
મા, તારા ડાબાજમણા કુંડ કે, ગંગાજમના સરસ્વતી રે લોલ.
મા,તારાં કૂકડયિાં દશવીશ કે, કોઈ રણમાં ચઢે રે લોલ.

લીધાં ખડ્ગ ને ત્રશિૂલ કે, અસુરને મારયિો રે લોલ.
ફાટી ઉદર નીકળ્યામ્ ભાર કે, અસુરને હાથે હણ્યો રે લોલ.
આવી નોરતાંની નવરાત્ર કે, મા ગરબે રમે રે લોલ.
માએ છૂટા મેહેલ્યા કેશ કે, ફૂદડી બહુ ફરે રે લોલ.
માજીએ સો સો સજ્યા શણગાર કે , રમયિાં રંગમાં રે લોલ.
ઓઢી અંબર કેરી જોડ કે, ચરણા ચૂંદડી રે લોલ.
માએ કરી કેસરને આડ કે, વચમાં ટીલડી રે લોલ.
સેંથે ભરયિો છે સદિૂર કે, વેણ કાળી નાગણી રે લોલ.
માને દાંતે સોનાની રેખ કે, ટીલીની શોભા ઘણી રે લોલ.
પાયે ઝાંઝરનો ઝમકાર કે, વાગે ઘૂઘરા રે લોલ.
ચોસઠ બહેનો મળી છે ત્યાંય કે, શણગાર શોભા ઘણી રે લોલ.
આવું રૂડું ચૌટું ચાંપાનેર કે, વચમાં ચોક છે રે લોલ.

ગરબો ગાયે છે વલ્લભ કે, સેવક માનો રહી રે લોલ.
માજી આપજો અવચિળ વાણ કે, બુદ્ધછિે નહીં રે લોલ.